| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૯/૦૬/૨૦૨૦ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૯૮૮/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૬૭૯ | ૪૫ | ૮૭૨૪ | ૧૪૭૭૯ | ૪૨ | ૧૪૮૨૧ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૩૬ | ૧ | ૪૨૩૭ | ૫૭૪૯ | ૧ | ૫૭૫૦ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૩૩ | ૦ | ૩૩ | ૧૯૯ | ૦ | ૧૯૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૯૩૫ | ૬૮ | ૮૦૦૩ | ૮૯૫૬ | ૭૧ | ૯૦૨૭ |
| કુલ | | ૨૦૮૮૩ | ૧૧૪ | ૨૦૯૯૭ | ૨૯૬૮૩ | ૧૧૪ | ૨૯૭૯૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૧૯ | ૧,૩૪,૨૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૦૮૮ | ૪,૧૭,૬૦૦/- |

# <u>ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>સાબરમતી પોલીસ સ્ટેશનઃ-</u>**

## <u>સાબરમતી વિસ્તારમાંથી ચોરીના આરોપીને ચોરીમાં ગયેલ પુરા મુદ્દામાલ સાથે ગણતરીના દિવસોમાં ઝડપી પાડી ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી સાબરમતી પોલીસ</u>

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર -1 સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-2 અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી મિલકત સબંધી ગુના રોકવા તેમજ બનેલ ગુનાઓ શોધવા સારૂ સુચના આપેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી સાબરમતી પો.સ્ટે. નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ. શ્રી બી.પી.ભેટારીયા તથા સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસો સાથે મળી સાબરમતી ગુના પાર્ટ-A ગુના રજી.નં.૧૧૧૯૧૦૩૯૨ ૦૦૮૦૬ ધી ઇ.પી.કો કલમ ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબના ગુનામાં કુલ ૦૬ ઇસમોને વિશ્વાસમાં લઇ તમામને વારાફરતી યુક્તિ પ્રયુક્તિથી પુછપરછ દરમ્યાન શક વહેમ વાળા એક ઇસમ નામે <u>આકાશ સોલંકી</u> નાનો મોબાઇલ ફોન તથા ટેબ્લેટ ચોરીની કબુલાત કરતાં સદરીને સાથે રાખી તેના રહેણાક ઘરમાં તપાસ કરતાં સદર ગુનામાં ચોરીમાં ગયેલ ત્રણ મોબાઇલ ફોન તથા એક ટેબ્લેટ મળી કુલ્લે કિમત રૂપિયા ૨૭,૪૯૦/-નો મુદ્દામાલ સદર ગુનાના કામે કબ્જે લઇ ઉપરોક્ત ગુનો ડીટેક્ટ કરવામાં આવેલ છે અને સદરી આરોપી આકાશ સોલંકી નાનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવતાં સદરીને ઉપરોક્ત ગુનામાં આજરોજ તા.૧૮/૦૬/૨૦૨૦ ના કલાક ૧૭/૩૦ વાગ્યે અટક કરી ધોરણસર કાર્યવાહી કરેલ છે અને હાલમાં આગળની વધુ તપાસ પો.સબ.ઇન્સ. બી.પી.ભેટારીયા નાઓ ચલાવી રહેલ છે. તા.૧૮/૦૬/૨૦૨૦

**<u>આરોપીનુ નામ</u> :-** આકાશભાઇ મફતલાલ સોલંકી ઉ.વ.૨૦ રહે,- મ.નં-૪૨, ગોપી વણઝારાની ચાલી પાવર હાઉસની સામે ધર્મનગર સાબરમતી અમદાવાદ શહેર

**<u>મુદ્દામાલ</u> :-** ત્રણ મોબાઇલ ફોન તથા એક ટેબ્લેટ મળી કુલ્લે કિમત રૂપિયા ૨૭,૪૯૦/-નો મુદ્દામાલ રીકવર કરેલ છે

**<u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ</u> :**

(૧) પો.સ.ઇ. બી.પી.ભેટારીયા (૨) હેડ. કોન્સ. ભરતસિંહ છત્રસિંહ બ.નં.૫૨૪૪ (૩) હેડ.કોન્સ. ઉપેંદ્રસિંહ વિજયસિંહ બ.નં.૬૦૫૪ (૪) પો.કોન્સ. દિનેશકુમાર પેથાભાઇ બ.ન.૩૭૭૮ (૫) પો.કોન્સ. કમલેશકુમાર સોમાભાઇ બ.ન.૫૭૧૧ (૬) પો.કોન્સ. હિતેષકુમાર મોહનભાઇ બ.નં.૫૯૫૯ (૭) પો.કોન્સ. સંદીપકુમાર નટવરલાલ બ.નં.૮૭૯૮ (૮) પો.કોન્સ. ઉગાભાઇ રવજીભાઇ બ.નં.૧૧૮૪૬ (૯) મહીલા પો.કોન્સ. સ્નેહાબેન પ્રધ્યુમનભાઇ બ.નં.૭૦૪૪ (૧૦) લોકરક્ષક શક્તિસિંહ જગદીશસિંહ બ.ન.૦૪૪૩ (૧૧) લોકરક્ષક ધર્મેન્દ્રસિંહ પ્રવિણસિંહ બ.ન.૧૦૭૦ (૧૨) લોકરક્ષક અજ્યકુમાર નરસિંહભાઇ બ.ન.૧૪૦૨ (૧૩) લોકરક્ષક કમલેશભાઇ સાગરભાઇ બ.ન.૮૦૫૫

# વાહનચોરીના આરોપીની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશનઃ-

## વાહન ચોરીનો ભેદ ઉકેલતી કૃષ્ણનગર પોલીસ

મહે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન અમદાવાદ શહેર તથા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.કે.રાઠોડ સાહેબની સુચનાથી મીલ્કત સબંધી ગુન્હા શોધી કાઢવા સારૂ તથા બનતા ગુના અટકાવવા સારૂ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં દરમ્યાન ખાનગી બાતમી હકીક્ત આધારે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૧૪૮૦/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબના કામે ચોરી થયેલ ડીલક્ષ મોટર સાયકલ આર.ટી.ઓ. નં.GJ 01 EU 8965 ની સાથે આરોપી ગીરીશભાઇ સ/ઓ ભીખાભાઇ વશરામભાઇ જાતે.વાઘેલા ઉ.વ.૩૨ રહે.સાકરચંદ મુખીની ચાલી પોસ્ટ ઓફીસ પાછળ બહેરામપુરા જમાલપુર અમદાવાદ શહેર મુળ વતન.માંડવધાર તા.ગઢડા(સ્વા) જી.બોટાદ નાઓને ગુનાના કામે મુદ્દામાલ સાથે ગણતરીના કલાકોમાં આરોપીને પકડી અટક કરી વાહન ચોરી સંબંધી ગુનો ડિટેક્ટ કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે તા.૧૮/૦૬/૨૦૨૦

## કામગીરી કરનાર અધીકારી/કર્મચારી નામ:-

શ્રી જે.બી.ચૌહાણ પોલીસ સબ ઇન્સ્પેક્ટર તથા સાથેના સ્ટાફના માણસો અ.હે.કો. કલ્પેશકુમાર રણછોડભાઇ બ.નં.૫૦૭૧ તથા અ.પો.કો. રૂષીરાજસિંહ જીતુભા બ.નં.૬૭૩૧ તથા અ.પો.કો હિતેશકુમાર ગોકળભાઇ બ.નં.૯૯૯૪ તથા અ.લોકરક્ષક વેલાજી હેમાજી બ.નં-૯૨૪ તથા અ.લોકરક્ષક સતીષકુમાર જયંતીભાઇ બ.નં.૫૩૧ તથા આ.લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦



# “ શી ટીમ “ ની કામગીરી

## નરોડા પોલીસ સ્ટેશનઃ-

આજ રોજ નરોડા પોલીસ
"શી ટીમ "દ્વારા નરોડા
પાટિયા સંગીતા ફર્નિચર ની
પાછળ આવેલ ઝૂંપડ પટી મા
આવેલ મહિલા તથા
ભાઈઓ ને એકત્રિત કરી
મિટિન્ગ કરી તથા
મહિલાઓને સોસિયલ
ડિસ્ટન્સિંગ અને ચેઈન
સ્નેચિંગ ના બનાવ ન બને તે
બાબતે સમજ કરી તથા શાક
માર્કેટમાં પેટ્રોલિંગ કરેલ છે









# પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશનઃ-

## પ્રોહીબિશનના ગુનામા પકડાયેલ બે આરોપીઓની પાસામા અટકાયત કરી સુરત લાજપોર મધ્યસ્થ જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે સેકન્ડ પોલીસ ઇન્સપેક્ટર શ્રી કે.બી સાંખલા ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ પ્રોહીબિશનના ગુનામા પકડાયેલા આરોપીઓનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ આરોપીઓને શોધી કાઢી પકડી પાડી આરોપીઓ (૧) શોભાબેન વા/ઓ રાજેન્દ્રભાઇ ચુનારા ઉ.વ ૩૭ રહે રામગલીના છાપરા ચુનારા વાસ ઇસનપુર અમદાવાદ શહેર પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા/૩૮૦/૨૦૨૦ તા.૧૬/૦૬/૨૦૨૦ તથા (૨) આનંદ દશરથભાઇ ચુનારા ઉ.વ ૨૨ રહે મ.ન ૧૦૬ સ્વસાર ફ્લેટ ગામ ગામડી તા.દસકોઇ જી.અમદાવાદ મુળ સરખેજ પો.સ્ટેશનની પાછળ શાસ્ત્રીનગર ઝુપડપટ્ટીમા સરખેજ અમદાવાદ શહેર નાઓનેપાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા/૩૮૧/૨૦૨૦ તા.૧૬/૦૬/૨૦૨૦ થી સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે તા.૧૮/૦૬/૨૦૨૦

## નારોલ પોલીસ સ્ટેશન :-

## નારોલ મોતીપુરા શ્યામ જયોત એસ્ટેટની સામે બંધ હાલતમાં પડેલ કિરણ ફેકટરીના ખુલ્લા મેદાનમાં ભારતીય બનાવટના વિદેશીદારૂ (IMFL) ની નાની મોટી સિલબંધ બોટલો નંગ-૧૪૩ સાથે એક આરોપીને શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલિસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટરર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોનડ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે"ડીવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન અનુસાર મે.ડી.જી.પી.સાહેબ તરફથી પ્રોહિબીશનની પ્રવૃતિ સદંતર નેસ્તનાબુદ કરવા સારૂ રાખેલ ડ્રાઈવ સબંધે પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓના સીધા સુપરવિઝન હેઠળ પ્રોહી તથા જુગારની પ્રવૃતિ સબંધે અસરકારક કામગીરી કરવા સુચના મળતા આજરોજ પો.સ.ઈ.એચ.સી.પરમાર તથા અ.મ.સ.ઈ.નેભાભાઈ મેરામણભાઈ બ.નં.૭૮૦૭ તથા અ.પો.કો.વિજયસિંહ લાખુભા બ.નં.૬૧૭૯ અ.પો.કો.શક્તિસિંહ ઉદેસિંહ બ.નં.૮૨૭૬ તથા અ.પો.કો. રામદેવસિંહ જયેન્દ્રસિંહ બ.નં.૫૭૩૩ તથા અ.પો.કો.યોગીરાજસિંહ સુખદેવસિંહ બ.નં.૧૧૬૦૯ તથા અ.પો.કો.ચંન્દ્રભાણ કૌશીકદાન બ.નં.૧૨૭૨૪ તથા અ.પો.કો. ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા બીજા સ્ટાફના માણસો નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન ફરતા ફરતા કલાક ૦૨/૩૦ વાગે મોતીપુરા ચાર રસ્તા પાસે આવતાં સાથેના અ.પો.કો.યોગીરાજસિંહ સુખદેવસિંહ તથા અ.પો.કો.ચંન્દ્રભાણ કૌશીકદાન નાઓને સંયુકત રાહે બાતમી હકિકત મળેલ કે 'મોતીપુરા શ્યામ જયોત એસ્ટેટની સામે બંધ પડેલ હાલતમાં કિરણ ફેકટરીના ખુલ્લા મેદાનની ઝાડીઓમાં બે ઈસમો મિથુન યાદવ તથા સુમેરસિંહ ચૌહાણ નાઓ બંન્ને ભેગા મળી કેટલોક ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો બહારથી લાવી અત્રે સગેવગે કરે છે અને હાલમા પ્રવુતિ ચાલુ છે.'જે બાતમી હકીકત આધારે રેઈડ કરતાં આરોપીઓ (૧)મિથુન ભવાનીશંકર જાતે યાદવ ઉ.વ.૨૮ ધંધો–રિક્ષાડ્રાઈવિંગ રહે–મ.નં.બી/૩૪ શાંતીનગર રામનગરની બાજુમાં રંગોલીનગર નારોલ અમદાવાદ શહેર તથા (૨)સુમેરસિંહ પુલન્દરસિંહ જાતે ચૌહાણ ઉ.વ.૩૪ ધંધો–સિકયોરીટી રહે–સી/૨૦૫ કર્ણાવતી એપાર્ટમેન્ટ–૩ નંદનવન ચાર રસ્તા પાસે નારોલ અમદાવાદ શહેરનાઓ મળી આવેલ જેઓ પાસેથી ભારતીય બનાવટના વિદેશીદારુ (IMFL) ની નાની મોટી સિલબંધ બોટલો નંગ-૧૪૩ કિ.રૂ.૫૨,૩૦૦/–તથા મોબાઈલફોન નંગ ૨ કિ.રૂ.૧૦૦૦૦/- તથા અંગઝડતીના નાણા રૂ.૬૦૦/–તથા સુઝુકી સ્વીશ ૧૨૫ મો.સા.કિ.રૂ.૨૨,૦૦૦/- ગણી કુલ્લે કિ.રૂ.૮૪,૯૦૦/- નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરી ઉપરોકત પકડાયેલ આરોપી તથા વિદેશીદારુનો જથ્થો વેચાણ કરવા સારુ આપનાર અભિષેક ઉર્ફે બબલુ નાઓ ત્રણેય વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૦૦૪૯૨/૨૦૨૦ ધી પ્રોહી.એકટ કલમ ૬૫(એ)(ઈ૬૬(બી)¸૧૧૬(બી)¸૯૮(૨), ૮૧ મુજબનો ગુનો રજીસ્ટર કરી વિદેશીદારુનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે



## ગુના નિવારણ શાખા :-

"દેશીદારુના મોટા જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડતી પી.સી.બી."

મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયા નાઓએ અમદાવાદ શહેરમા ચોરી છુપીથી પ્રોહી/જુગારની પ્રવૃતિ કરતા ઈસમોની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે અનુસંધાને તા.૧૯.૬.૨૦૨૦ નારોજ પીસીબીના સ્ટાફના માણસો શહેર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન સ્ટાફને ચોક્કસ બાતમી હકીકત મળેલ કે " એક ઈસમ નામે કાંતીભાઈ બદાભાઈ ખરાડી રહેવાસી- કાલુપુર રેલ્વે યાર્ડ કાલુપુર અમદાવાદ નાનો પોતે તથા પોતાના ભાડુતી માણસો રાખી પોતાના આર્થીક ફાયદા સારુ કાલુપુર રેલ્વે યાર્ડમા આવેલ વિજલી મરામત કારખાનાની બાજુમા આવેલ ખુલ્લામા પ્લોટમા દેશીદારુ નુ વેચાણ કરે છે અને કેટલોક દેશીદારુ રેલ્વે યાર્ડમા આવેલ વોશીગ લાઈન ન.૩ ની નીચેના ભાગે રેલ્વેગાડી નીચે સંગ્રહ કરી રાખેલ છે અને હાલમા દેશીદારુ વેચાણની પ્રવૃતિ ચાલુ છે" જે બાતમી હકીકત આધારે ઉપરોકત જણાવેલ જગ્યાએ પંચો સાથે રેઈડ કરતા નીચે જણાવેલ આરોપીને નીચે મુજબના દેશીદારુના જથ્થા સાથે પકડી પાડી તેની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી કાલુપુર રેલ્વે પો.સ્ટે. ખાતે ગુનો રજીસ્ટર કરાવવામા આવેલ છે.

**પકડાયેલ આરોપી :** ફતેસિંહ પ્રતાપસિંહ ચૌહાણ ઉ.વ.૨૮ રહેવાસી- કાલુપુર રેલ્વે યાર્ડ કાલુપુર અમદાવાદ મુળ રહેવાસી-ગામ- કાનપુર કાતરવા તા.ખેરવાડા જી.ઉદેપુર રાજસ્થાન

**વોન્ટેડ આરોપી:** કાંતીભાઈ બદાભાઈ ખરાડી રહેવાસી-કાલુપુર રેલ્વે યાર્ડ કાલુપુર અમદાવાદ

**ગુનાની જગ્યા** : કાલુપુર રેલ્વે યાર્ડમા આવેલ વિજલી મરામત કારખાનાની બાજુમા આવેલ ખુલ્લામા પ્લોટમા તેમજ રેલ્વે યાર્ડમા આવેલ વોશીગ લાઈન ન.૩ ની નીચેના ભાગે રેલ્વેગાડી નીચે

**પકડાયેલ મુદામાલ** : (૧) ૪૨ પ્લાસ્ટીક્ના થેલાઓમાં નાની મોટી ૧૮૯૭ પોલીથીનની થેલીઓમા ભરેલ **દેશીદારૂ લીટર ૧૦૮૪ કિ.રૂ.૨૧૬૮૦/-** (૨) મોબાઇલ ફોન નંગ ૧ કિ. ૩૫૦૦/- (૩) રોકડ નાંણા રૂ.૮૬૦/- (૪) સેમ્પલ નો કેરબો કિ.00.00 **કુલ્લે રુપિયા ૨૬૦૪૦/- નો મુદામાલ**





## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૮૯/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૮ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૨૩૫ લીટર દેશી દારૂ, ૩૭૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ રિક્ષા અને ૫ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૫,૯૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૯૦/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૯૯૧/૨૦૨૦

**નવરંગપુરાઃ** દેવાંગભાઇ સ/ઓ જયંતિલાલ વકીલ (ઉ.વ.૪૨) (રહે. સ્વામિનારાયણ એવન્યુ એ.ઇ.સી.ચાર રસ્તા પાસે નારણપુરા) એ તા.૧૮/૦૬/૨૦૨૦ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ફેબ્રુઆરી ૨૦૧૭ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા સી.જી.રોડ સ્વસ્તિક ચાર રસ્તા સેંટ ઝેવીયર્સ લેડીઝ હોસ્ટેલ સામે ફેરડીલ હાઉસ ઓફીસ-બી/૭૦૮ ખાતેથી આરોપી (૧) અંકુશ ફીનસ્ટોક લીમીટેડના મેનેજીગ ડાયરેક્ટર ભરતભાઇ મનુભાઈ શાહ (૨) અંકુશ ફીનસ્ટોક લીમીટેડના એડીશનલ ડીરેક્ટર સમીરભાઇ પ્રમોદભાઇ શાહ (રહે. અભિષેક અપાર્ટમેન્ટ કામેશ્વર મહાદેવ પાસે અંકુર રોડ નારણપુરા) (૩) રાજા સ્ટોક ટ્રેડર્સ સ્ટોક લીમીટેડના ડાયરેકટર અંકીતભાઇ પંકજભાઈ શાહ (રહે. શુલભ ફ્લેટ, મીરામ્બીકા સ્કુલ રોડ, નારણપુરા) એ ભેગા મળી અંકુશ ફીનસ્ટોક લીમીટેડમાં રોકાણ કરવાના બહાને દેવાંગભાઈ વકીલ પાસેથી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૯,૭૫,૦૦૦/- મેળવી લઇ બે થી અઢી ટકા વળતર આપવાની લાલચ આપી રૂપિયા ૯,૭૫,૦૦૦/- પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.એન.સાંસલા ચલાવે છે.

**દરીયાપુરઃ** ઇસ્માઇલખાન સ/ઓ શાહ શેખ (ઉ.વ.૫૦) (રહે. મોલની પોળ ગલી નંબર-૩ સામે શક્કખા મસ્જીદ આગળ દરીયાપુર) એ તા.૧૮/૦૬/૨૦૨૦ ના રોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૧/૨૦૨૦ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે આરોપી મોબાઈલ નંબર ૮૭૦૯૧૩૩૩૬૫ ના ધારકે ઈસ્માઈલખાનને ફોન કરી પોતે paytm માથી વાત કરતા હોવાનુ જણાવી વિશ્વાસમા લઇ ઇન્ટરનેટના માધ્યમથી ઓનલાઇન કુલ રૂપિયા ૨૩,૮૪૫.૯૨/- paytm નંબર ૮૭૦૯૧૩૩૩૬૫ ઉપર ટ્રાંન્જેક્શન કરાવી વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.બી.ચાવડા ચલાવે છે.

**સરદારનગરઃ** પ્રહલાદ મંગતારામ ગુરનાણી ઉ.વ ૫૫ રહે. મકાન ૪૦ આશારામ પાર્ક સોસાયટી કોતરપુર વોટરવર્કસ સામે નોબલનગર સરદારનગર) એ તા.૧૮/૦૬/૨૦૨૦ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૪/૨૦૨૦ ના રોજ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે આરોપી મોબાઈલ નંબર ૮૩૮૯૯૦૬૪૫૮ ના ધારકે પ્રહલાદ ગુરનાણીને ફોન કરી પોતે એસબીઆઈ બેંક માંથી બોલુ છુ તમારૂ પેટીએમ કેવાયસી (PAYTM-KYC) પુરૂ થઇ ગયેલ છે તે બ્લોક થઇ જશે તેમ જણાવી પ્રહલાદ ગુરનાણીના મોબાઇલ ફોનમા ક્વીક સ્પોર્ટ નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી પ્રહલાદ ગુરનાણીના બે ક્રેડીટ કાર્ડમાથી રૂપિયા ૯૯,૦૦૦/- ની અલગ-અલગ ઓનલાઇન ખરીદી કરી લઇ વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.બી.પટેલ ચલાવે છે.

**એરપોર્ટઃ** તુલસીભાઈ નથ્થુમલ (ઉ.વ.૫૦) (રહે. સિલ્વર પોઇન્ટ એપાર્ટમેન્ટ "એ" વોર્ડ કુબેરનગર સરદારનગર) એ તા.૧૮/૦૬/૨૦૨૦ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૨/૨૦૨૦ કલાક ૭/૧૦ વાગ્યાના સુમારે આરોપી મોબાઈલ નંબર ૯૦૫૬૮૧૦૩૯૬ અને ૯૦૪૧૫૦૨૭૩૨ ના ધારકે અમિત શર્મા નામ જણાવી મુંબઈથી એસ.બી.આઈ મેઈન બ્રાન્ચ માંથી વાત કરવાનુ કહી ક્રેડીટ કાર્ડના પીન નંબર તેમજ ઓટીપી નંબર મેળવી લઈ ક્રેડીટ કાર્ડમાંથી બે ટ્રાન્ઝેક્શન કરી રૂપિયા ૭૩,૦૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.સી રાઠવા ચલાવે છે.

**ખોખરાઃ** ઉત્તમકુમાર આશાભાઇ મકવાણા (ઉ.વ.૪૪) (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ ખોખરા) એ તા.૧૮/૦૬/૨૦૨૦ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૪/૨૦૨૦ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે આરોપી મોબાઈલ નંબર ૯૧૪૪૯૪૯૧૬૫ ના ધારકે ઉત્તમકુમારને ફોન કરી ઉત્તમકુમારનુ પે.ટી.એમ વોલેટ કે.વાય.સી અપડેટ કરવાનુ જણાવી ઉત્તમકુમારને ક્વીક સ્પોર્ટ એપ્લીકેશન ડાઉનલોડ કરાવી માહીતી મેળવી લઈ ઉત્તમકુમારના ખાતામાંથી અલગ-અલગ આઠ ટ્રાન્જેક્શન કરી કુલ રૂપિયા ૮૭,૬૮૭/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.એસ.ગામીત ચલાવે છે.

**<u>વાહન ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૯૯૨/૨૦૨૦</u>**

**શાહીબાગઃ** ગણપતભાઇ બાબુભાઇ પટણી (રહે. બાપાલાલ ઘાંચીની ચાલી, મોદીનગર ગેટ નંબર-૧ ચમનપુરા ચકલા અસારવા) એ તા.૧૬/૦૬/૨૦૨૦ સાજના ૫/૦૦ વાગે ચમનપુરા સર્કલ મચ્છી માર્કેટ નજીક પોતાની બોલેરો પીકઅપ ડાલુ ગાડી નંબર જીજે ૦૧ સીવાય ૪૯૬૩ કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૭/૦૬/૨૦ કલાક ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ગણપતભાઈએ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

**તળાવમાં ડુબી જતા મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૯૯૩/૨૦૨૦**

**ઈસનપુરઃ** મહમદ સુહાન આરીફભાઇ રંગરેજ (ઉ.વ.૧૦) (રહે. અહેમદનગર બી.આર.ટી.એસ. બસ સ્ટોપ પાછળ દાણીલીમડા) તા.૧૭/૦૬/૨૦૨૦ બપોરના ૪/30 વાગ્યાના સુમારે ચંડોળા તળાવમાં નાહવા જતા ડુબી જતા તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રફીકઅહેમદ ઉસ્માનગની ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૯૪/૨૦૨૦**

**ગુજરાત યુનિવર્સિટીઃ** રમેશભાઈ ગણેશભાઈ પરમાર (રહે.સખામુખીનો વાસ ગુલબાઇ ટેકરા) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૬/૨૦ કલાક ૯/00 વાગ્યા પહેલા પોતાના ઘરની લોખંડની ગ્રીલ સાથે નાઈલોનની દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સિટી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આઇ.પરમાર ચલાવે છે.

**સાબરમતીઃ** દુર્ગેશ છોટેલાલ દુબે (ઉ.વ.૨૦) (રહે. ચામુંડા પાર્ક વિભાગ-૧ મોટેરા સ્ટેડીયમ સામે સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૬/૨૦૨૦ સાજના ૬/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની લોખંડની પાઇપ સાથે વાયર બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બળવંતભાઇ પોપટભાઇ ચલાવે છે.

**નારોલઃ** શીવાની ડો/ઓફ મુકેશભાઇ પ્રજાપતી (ઉ.વ.૧૯) (રહે. સહજાનંદ પાર્ક સોસાયટી વૈભવ હોલ સામે ઘોડાસર ઇસનપુર હાઇવે) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૬/૨૦૨૦ રાતના ૮/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મોહનસિહ સવસિહ ચલાવે છે.

**રામોલઃ** દિપકભાઇ સુભાષભાઇ પાટીલ (ઉ.વ.૩૮) (રહે. હરિધામ સોસાયટી સિલ્વર સીટી વસ્ત્રાલ) અગમ્ય કારણસર તા.૧૭/૦૬/૨૦૨૦ કલાક ૮/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમા દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૦૬/૨૦૨૦ કલાક ૭/30 વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રવિણભાઇ રતિલાલ ચલાવે છે.

**ખોખરાઃ** ચંદ્રુ સન/ઓફ સુરેશભાઇ મુદલીયાર (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ ગણપતી મંદિર પાસે અમરાઇવાડી) એ બિમારીથી કંટાળી તા.૧૮/૦૬/૨૦ બપોરના ૪/30 વાગ્યાના સુમારે ખોખરા સીટીએમ બ્રીજ ઉપરથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે બોડાત ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી